## સી.બી.પટેલ આર્ટસ કોલેજ,નડિયાદ

## લાઈબ્રેરી વિભાગ

## લાઈબ્રેરી વિભાગ દ્વારા કરવામાં આવેલ પ્રવુત્તિઓ

## ૨૦૨૫-૨૬

| ક્રમ.નં | લાઈબ્રેરી વિભાગ પ્રવૃતિઓ | તારીખ | વિભાગ/કમિટીનું નામ |
|---|---|---|---|
| ૧ | મનોવિજ્ઞાન વિષયના સંદર્ભમાં પુસ્તક પ્રદર્શન | ૦૫/૦૭/૨૦૨૫ | લાઈબ્રેરી વિભાગ<br>મનોવિજ્ઞાન વિભાગ |
| ૨ | સમાજશાસ્ત્ર વિષયના સંદર્ભમાં પુસ્તક પ્રદર્શન | ૨૨/૦૭/૨૦૨૫ | લાઈબ્રેરી વિભાગ<br>સમાજશાસ્ત્ર વિભાગ |
| ૩ | હિન્દી,સંસ્કૃત,અંગ્રેજી વિષયના સંદર્ભમાં પુસ્તક પ્રદર્શન અને બુક રીવ્યુ સ્પર્ધા | ૦૧/૦૧/૨૦૨૬ | લાઈબ્રેરી વિભાગ<br>હિન્દી,સંસ્કૃત,અંગ્રેજી વિભાગ |
| ૪ | રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયના સંદર્ભમાં પુસ્તક પ્રદર્શન | ૧૭/૦૨/૨૬ | લાઈબ્રેરી વિભાગ<br>રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિભાગ |
| ૫ | સી.બી.પટેલ.આર્ટસ કૉલેજ,નડીઆદ લાયબ્રેરી વિભાગ અને અ.સૌ ડાહીલક્ષ્મી લાઈબ્રેરી નડીઆદ વચ્ચે શૈક્ષણિક અને વાંચનપ્રવૃત્તિના વિકાસ માટે MOU કરવામાં આવ્યા. આ MOU અંતર્ગત દર મહિને ચાલતા “ગ્રંથનો પંથ – વ્યાખ્યાન શ્રેણી”માં વિદ્યાર્થીઓને દર માસના પ્રથમ રવિવારે મુલાકાત સંદર્ભે લઇ જવામાં આવ્યા હતા. | Jul to Feb<br>(૨૦૨૬-૨૭) | ડૉ.કલ્પનાબેન ત્રિવેદી<br>ડૉ.વિદ્યાબેન ચૌધરી<br>ડૉ.જીગ્નેશભાઇ પંચાલ<br>કિંજલબેન બ્રહ્મભટ્ટ |
| ૬ | ‘સ્વચ્છતા અભિયાન’(લાઈબ્રેરી વિભાગ અને હિન્દી વિભાગ) | ૧૬/૦૨/૨૦૨૬ | લાઈબ્રેરી વિભાગ અને હિન્દી વિભાગ |

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

### મનોવિજ્ઞાન વિષયના અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી માધ્યમના પુસ્તકો....

# પુસ્તક પ્રદર્શન કાર્યક્રમ

સી.બી.પટેલ આર્ટસ કોલેજના મનોવિજ્ઞાન વિભાગ તથા પુસ્તકાલય વિભાગ દ્વારા તા.05/07/2025 ના રોજ કોલેજની લાઈબ્રેરીમાં રહેલા મનોવિજ્ઞાન વિષયના પુસ્તકોની સફાઈ કરી, પુસ્તક પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડો. મહેન્દ્રકુમાર દવેના માર્ગદર્શનથી યોજાયેલ આ કાર્યક્રમમાં કોલેજની લાઈબ્રેરીમાં રહેલા ૮૦૦ થી વધુ પુસ્તકોની સફાઈ કરી, લાઈબ્રેરી ખંડમાં પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. પુસ્તક પ્રદર્શનમાં પુસ્તકની સાથે મનોવૈજ્ઞાનિકોના ફોટોગ્રાફ અને ચાર્ટ નિદર્શન પણ રાખવામા આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓએ પુસ્તક પ્રદર્શન નિહાળ્યું, જેમાથી કેટલાક વિદ્યાર્થીઓ સામાન્ય મનોવિજ્ઞાન, લગ્ન જીવનનું મનોવિજ્ઞાન, બાળ મનોવિજ્ઞાન અસરકારક વર્તનનું મનોવિજ્ઞાન, સામાજિક મનોવિજ્ઞાન વગેરે પુસ્તકોનું વાંચન કરવામાં માટે પોતાના ઘરે પણ લઇ ગયા હતા. આચાર્યશ્રીએ પુસ્તક પ્રદર્શન અને વાંચન કરતાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. મનોવિજ્ઞાન વિષયના અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી માધ્યમના પુસ્તક પ્રદર્શનમાં અધ્યપક ડો.પ્રકાશભાઈ વિછીયા, ડો.અર્પિતાબેન ચાવડા તથા લાઈબ્રેરીયન કિંજલબેન બ્રહ્મભટ્ટ તથા  વિદ્યાર્થીઓ સાથે ખુબ જ સક્રિય કામગીરી કરી હતી.



PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.















PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

## સમાજશાસ્ત્ર વિભાગ

C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

---

## સમાજશાસ્ત્ર વિષયના અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી માધ્યમના પુસ્તકો....

# પુસ્તક પ્રદર્શન કાર્યક્રમ

"સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં સમાજશાસ્ત્ર વિષયના પુસ્તક પ્રદર્શનનું આયોજન" ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં માનનીય આચાર્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી સમાજશાસ્ત્ર વિભાગ અને લાઇબ્રેરી વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. 22/07/2025 ના રોજ 11:30 કલાકે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો. ત્યાર બાદ સમાજશાસ્ત્ર વિભાગના સેમેસ્ટર-1, 3 અને 5 ના વિદ્યાર્થીઓએ પુસ્તક પ્રદર્શનને નિહાળીને પ્રદર્શનમાં મુકેલા પુસ્તકોમાંથી બે પુસ્તકોની સમીક્ષા લેખિત સ્વરૂપે રજૂ કરી. અન્ય વિષયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પણ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પુસ્તક પ્રદર્શનમાં સમાજશાસ્ત્ર વિષયના ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના 570 જેટલા પુસ્તકો, વિદ્યાર્થીઓ દ્વારા કરેલા સંશોધન પ્રોજેક્ટ,ચિત્રો, સમાજશાસ્ત્રના થીસીસ,સમાજશાસ્ત્રીઓના ફોટોગ્રાફ અને લાઇબ્રેરીમાં આવતા વિવિધ મેગેઝીનનું પ્રદર્શન કરવામાં આવ્યું. સમાજશાસ્ત્ર વિષયના પુસ્તક પ્રદર્શનમાં અધ્યાપક ડૉ.ભારતીબેન પટેલ,ડૉ.પરવીનબેન મન્સૂરી તથા લાઈબ્રેરીયન કિંજલબેન બ્રહ્મભટ્ટ તથા  વિદ્યાર્થીઓ સાથે ખુબ જ સક્રિય કામગીરી કરી હતી.





PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.












PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947

## હિન્દી,સંસ્કૃત,અંગ્રેજી વિષયના પુસ્તકોનું

## *પુસ્તક પ્રદર્શન કાર્યક્રમ*

સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં'હિન્દી સંસ્કૃત અને અંગ્રેજી વિષયના પુસ્તક પ્રદર્શન તેમજ બુક રીવ્યુ સ્પર્ધા કાર્યક્રમ'

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં માન. આચાર્યશ્રી પ્રો.ડૉ.મહેન્દ્રકુમાર.એ.દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી હિન્દી સંસ્કૃત,અંગ્રેજી વિષય અને લાયબ્રેરી વિભાગના સંયુક્ત ઉપક્રમે તા:૦૧/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો પ્રારંભ દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યો.ત્યારપછી આચાર્યશ્રીએ વાંચન કરતાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.લાઇબ્રેરી વિભાગ દ્વારા હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત વિષયોના પુસ્તકોનું પુસ્તક પ્રદર્શન આયોજન કરવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વાંચનપ્રવૃત્તિ વિકસાવવાનો અને વિવિધ ભાષાઓના સાહિત્ય સાથે પરિચિત કરાવવાનો હતો.આ સાથે પુસ્તક પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓને હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાના સાહિત્ય, વ્યાકરણ, કાવ્ય, નાટક, ઉપન્યાસ, સંશોધન ગ્રંથો અને સંદર્ભ પુસ્તકો વિશે જાણકારી મેળવે સાથે જ ભારતીય તથા વિદેશી સાહિત્ય પરંપરાનો પરિચય થાય તે રહેલો હતો.આ સાથે બુક રીવ્યુ સ્પર્ધા પણ રાખેલ હતી આથી હિન્દી,અંગ્રેજીઅને સંસ્કૃત વિષય વિભાગના સેમેસ્ટર ૨,૪ અને ૬ ના વિદ્યાર્થીઓએ પુસ્તક પ્રદર્શન નિહાળીને પ્રદર્શનમાં મુકેલા પુસ્તકોમાંથી વાંચન ઉત્સુક વિદ્યાર્થીઓએ કેટલાક પુસ્તકો લાઈબ્રેરીમાંથી ઇસ્યુ કરાવી અને બુક રીવ્યુ સ્પર્ધા માટે નામ નોંધાવ્યા હતા. અન્ય વિષયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓએ પણ પુસ્તક પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પુસ્તક પ્રદર્શનમાં હિન્દી,સંસ્કૃત અને અંગ્રેજી વિષયના ભાષાના ૧૨૭૦ જેટલા પુસ્તકો, વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા પ્રોજેક્ટ, ભક્તિ કાલ, આધુનિક કાલ છાયાવાદ, પ્રેમચંદ,પત્રકારિતા અને અનુવાદ,હિન્દી પત્રિકા શબ્દકોશ, લેખકોના ફોટોગ્રાફસ, સંશોધનગ્રંથો અને લાઇબ્રેરીમાં આવતા વિવિધ મેગેઝીનનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. હિન્દી,સંસ્કૃત અને અંગ્રેજી વિષયના પુસ્તક પ્રદર્શનમાં ડૉ.કલ્પનાબેન ભટ્ટ, પ્રો.એલ.ડી.ચાવડા, ડૉ.જીગ્નેશભાઈ પંચાલ,તથા ગ્રંથપાલ કિંજલબેન બ્રહ્મભટ્ટ વિદ્યાર્થીઓ સાથે રહી ખૂબ જ સક્રિય કામગીરી કરી હતી.

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.


















PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947

## રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયના પુસ્તકોનું

## *-:પુસ્તક પ્રદર્શન કાર્યક્રમ:-*

સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિઆદમાં રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયના પુસ્તક પ્રદર્શન કાર્યક્રમ

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિઆદમાં માન. આચાર્યશ્રી પ્રો.ડૉ.મહેન્દ્રકુમાર.એ.દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષય અને લાયબ્રેરી વિભાગના સંયુક્ત ઉપક્રમે તા:૧૭/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો પ્રારંભ દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યો.ત્યારપછી આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પુસ્તકોનું મહત્વ સમજાવી લાઇબ્રેરીનો સદુપયોગ કરવાની પ્રેરણા આપી.અને વાંચન કરતાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. લાઇબ્રેરી વિભાગ દ્વારા રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયોના પુસ્તકોનું પુસ્તક પ્રદર્શન આયોજન કરવાનો મુખ્ય હેતુ  વિદ્યાર્થીઓમાં વાંચન રસ, સંશોધન વૃત્તિ અને વિષયજ્ઞાન વધારવાનો હતો. આ પ્રદર્શનમાં રાજનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષય સંબંધિત વિવિધ મહત્વપૂર્ણ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તેમાં ભારતનું બંધારણ, રાજકીય વિચારધારાઓ, જાહેર વહીવટ, આંતરરાષ્ટ્રીય રાજનીતિ, લોકશાહી વ્યવસ્થા, આર્થિક નીતિઓ, બજેટ વ્યવસ્થા, વૈશ્વિક અર્થવ્યવસ્થા, વિકાસ અર્થશાસ્ત્ર તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની માર્ગદર્શિકા પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આથી રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષય વિભાગના સેમેસ્ટર ૨,૪ અને ૬ ના વિદ્યાર્થીઓએ પુસ્તક પ્રદર્શન નિહાળીને પ્રદર્શનમાં મુકેલા પુસ્તકોમાંથી વાંચન ઉત્સુક વિદ્યાર્થીઓએ કેટલાક પુસ્તકો લાઈબ્રેરીમાંથી  ઇસ્યુ કરાવ્યા હતા. અન્ય વિષયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓએ પણ  પુસ્તક પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પુસ્તક પ્રદર્શનમાં રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયના ભાષાના ૧૩૪૦ જેટલા પુસ્તકો, વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા પ્રોજેક્ટ, લેખકોના ફોટોગ્રાફસ, સંશોધનગ્રંથો અને લાઇબ્રેરીમાં આવતા વિવિધ મેગેઝીનનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયના પુસ્તક પ્રદર્શનમાં ડૉ.સુરજબેન વસાવા, પ્રો.આર.બી.સક્સેના તથા ગ્રંથપાલ કિંજલબેન બ્રહ્મભટ્ટ તથા અન્ય વિષયના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ સાથે રહી ખૂબ જ સક્રિય કામગીરી કરી હતી.

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.



















PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.

લાઈબ્રેરી વિભાગ અને હિન્દી વિભાગ

સ્વચ્છતા અભિયાન’

તા૨૦૨૬/૦૨/૧૬-:

તા:-૧૬/૦૨/૨૦૨૬ ના રોજ કૉલેજમાં ‘સ્વચ્છતા અભિયાન’ યોજાવામાં આવેલ હતું. જેમાં હિન્દી વિભાગ દ્વારા લાઈબ્રેરીમાં રીડીંગ હોલ,બે ક્લાસરૂમ,પુસ્તક વિભાગ,પંખાની સંપૂર્ણ સાફ-સફાઈ કરવામાં આવી હતી.તેમાં ડૉ.કલ્પનાબેન ભટ્ટ,વિદ્યાર્થીઓ અને કિંજલબેન બ્રહ્મભટ્ટ  સાથે રહી ખુબ જ સક્રિય કામગીરી કરી હતી.








# અ.સૌ ડાહીલક્ષ્મી લાયબ્રેરીની પ્રવૃતિઓ

## વર્ષ-૨૦૨૫-૨૬

ડૉ.કલ્પનાબેન ત્રિવેદી
ડૉ.વિદ્યાબેન ચૌધરી
ડૉ.જીગ્નેશભાઇ પંચાલ
કિંજલબેન બ્રહ્મભટ્ટ

1) તા.૪/૫/૨૦૨૫ ના રોજ ‘ગ્રંથનો પંથ’ વ્યાખ્યાન શ્રેણીમાં ‘ડીયર ટીનએજર’ પર શ્રી રઈશ મનિયારના વ્યાખ્યાન માં ડૉ. ભારતી આચર્ય અને કિંજલબેન બ્રહ્મભટ્ટે માણ્યું હતું.

2) તા.૧/૬/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં સમર્થ સર્જક પન્નાલાલ પટેલની સાહિત્યિક સર્જનયાત્રા વિશે વરિષ્ઠ  સાહિત્યકાર અને વાર્તાકાર, કવિ અને નિબંધકાર એવા પ્રો.ડૉ.મણિલાલ હ. પટેલ સાહેબના વ્યાખ્યાનને વિદ્યાર્થીઓ સાથે માણ્યું.

3) તા.૬/૭/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં શ્રી ભરતદવેના 'ચળવળ નામે નાટક પુસ્તક વિશે જાણીતા અભિનેત્રી અને લોકપ્રિય આર. જે. દેવકીના વ્યાખ્યાનને વિદ્યાર્થીઓ માણ્યું.

4) તા.૩/૮/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં લેખક રામચંદ્ર ગૃહાનું ગાંધી પછી ભારત ૧-૨ વિશે શ્રી દિપક સોલિયા ના વ્યાખ્યાનો ડૉ. જીગ્નેશ પંચાલ અને વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા.

5) તા.૭/૯/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં અશ્વિની ભટ્ટની જાણીતી પત્રકાર અને નવલકથા શ્રી ધૈવત ત્રિવેદી 'ફાંસલોનવલ પર વ્યાખ્યાનને વિદ્યાર્થીઓ સાથે માણ્યું.

6) તા.૫/૧૦/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં ગુણવંતશાહ લિખિત 'ગાંધીની ઘડિયાળ' પુસ્તક વિશે જાણીતા કેળવણીકાર શ્રી ભદ્રાયુ વચ્છરાજાની ના વ્યાખ્યાનને વિદ્યાર્થીઓ સાથે માણ્યું.

7) તા.૨/૧૧/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં શ્રી દિનકર.જે થી કૃત'પ્રકાશનો પડછાયો' અને તેના પર બનેલી ફિલ્મ 'ગાંધી માય ફાધર' વિશે શ્રીદર્શન જરીવાલાના વ્યાખ્યાનને વિદ્યાર્થીઓ સાથે માણ્યું.

8) તા.૧/૩/૨૦૨૬ ના રોજ અ.સૌ ડાહીલક્ષ્મી લાયબ્રેરીમાં 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં ફણીશ્વરનાથ રેણું 'મારે ગયે ગુલફામ' વાર્તાપરથી બનેલી 'તીસરી કસમ' ફિલ્મ વિશે શ્રી દીપક સોલિયાની  વ્યાખ્યાનને ૩૮ વિદ્યાર્થીઓ સાથે માણ્યું.

"ગ્રંથનો પંથ" વ્યાખ્યાન શ્રેણીમાં ઉપસ્થિતિ રહી વક્તા તરીકે પધારેલ રામ મોરારીનું 'સત્યભામા' નવલકથા પર વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો સાથે રહી વક્તવ્ય સાંભળ્યું.




"ગ્રંથનો પંથ" વ્યાખ્યાન  શ્રેણીમાં જાણીતા અભિનેત્રી અને લોકપ્રિય આર. જે. દેવકીબેને શ્રી ભરત દવેના 'ચળવળ નામે નાટક પુસ્તકનો પરિચય કરાવ્યો હતો.




"ગ્રંથનો પંથ" વ્યાખ્યાન શ્રેણીમાં ઉપસ્થિતિ રહી લેખક રઈશ મનીઆરનું 'ડિયર ટીનએજર' વિષય પર વક્તવ્ય સાંભળ્યું.




"ગ્રંથનો પંથ" વ્યાખ્યાન શ્રેણીમાં મુંબઈના લોકપ્રિય કટાર લેખક અને ચિંતક એવા વક્તાશ્રી દીપક સોલિયાએ રામચંદ્ર ગુહાની ‘ગાંધી પછીનું ભારત‘ પુસ્તકની વાત કરી હતી.




"ગ્રંથનો પંથ" વ્યાખ્યાન શ્રેણીમાં વરિષ્ઠ સાહિત્યકાર અને વાર્તાકાર ડો.મણિલાલ હ.પટેલ સાહેબે પન્નાલાલની સાહિત્યિક સર્જન યાત્રાની સફર ખૂબ સુંદર લાક્ષણિક શૈલીમાં કરાવી હતી.



તા.૭/૯/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં
અશ્વિની ભટ્ટની જાણીતી પત્રકાર અને નવલકથા
શ્રી ધૈવત ત્રિવેદી 'ફાંસલોનવલ પર વ્યાખ્યાનને વિદ્યાર્થીઓ સાથે માણ્યું.




તા.૫/૧૦/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ'
વ્યાખ્યાન શ્રેણીમાં ગુણવંતશાહ લિખિત
'ગાંધીની ઘડિયાળ' પુસ્તક વિશે
જાણીતા કેળવણીકાર શ્રીભદ્રાયુ
વચ્છરાજાની ના વ્યાખ્યાનને
વિદ્યાર્થીઓ સાથે માણ્યું.



.

તા.૨/૧૧/૨૦૨૫ ના રોજ 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં
શ્રી દિનકર.જે થી કૃત'પ્રકાશનો પડછાયો' અને તેના
પર બનેલી ફિલ્મ 'ગાંધી માય ફાધર' વિશે
શ્રીદર્શન જરીવાલાના વ્યાખ્યાનને વિદ્યાર્થીઓ સાથે માણ્યું.




તા.૧/૩/૨૦૨૬ ના રોજ અ.સૌ ડાહીલક્ષ્મી લાયબ્રેરીમાં 'ગ્રંથનો પંથ' વ્યાખ્યાન શ્રેણીમાં ફણીશ્વરનાથ રેણું 'મારે ગયે ગુલફામ' વાર્તાપરથી બનેલી 'તીસરી કસમ' ફિલ્મ વિશે શ્રી દીપક સોલિયાની  વ્યાખ્યાનને ૩૮ વિદ્યાર્થીઓ સાથે માણ્યું.




PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE,
NADIAD - 387 001.